# કલ્યાણકો વિષેની સમજ

## ચ્યવન કલ્યાણક

પ્રભુ દેવલોકમાંથી યા નરકમાંથી જ્યારે માતાની કુક્ષિમાં આવે છે ત્યારે પ્રભુમાતા મહામંગલકારી ૧૪ ગંભીર અર્થસૂચક સ્વપ્નોને જુએ છે. અર્ધજાગૃત અવસ્થામાં જોયેલા સ્વપ્નોથી અત્યંત હર્ષિત થઈ પતિ પાસે જઈ સ્વપ્નદર્શનની હકીકત જણાવે છે. રાજા અત્યંત રોમાંચિત થઈ ઉત્તમ પુત્રરત્ન અવતરશે તેવી આગાહી કરી સ્વપ્નપાઠકને બોલાવે છે સ્વપ્નપાઠક સ્વપ્નોના ફળાદેશ જણાવે છે. આવું પુણ્ય પ્રાપ્ત થવા માટે પૂર્વના ત્રીજા ભવમાં કરેલી સમગ્ર જીવરાશિ પ્રત્યેની મૈત્રી ભાવનાના ફળસ્વરૂપે, તીર્થંકર નામકર્મ નિકાચિત કરેલ હોય છે. દેવલોકમાં સૌધર્મેન્દ્રને જાણ થતાં તેઓ આનંદ અનુભવે છે અને પ્રભુની દિશામાં સાત-આઠ પગલાં ચાલી વંદન કરે છે. પ્રભુ, માતાને જરા પણ પીડા ન થાય તે માટે, ગર્ભમાંથી જ વિવેક-ભક્તિ રાખતા હોય છે. ચ્યવન થતાં ગર્ભમાં જ પ્રભુને મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. ગર્ભના પ્રભાવથી માતાને થતા દોહદ અને તે સમયે દેશકાળમાં થતા ફેરફાર કે વિશેષ ઘટનાને લક્ષમાં લઈ પ્રભુનું નામ વિચારાય છે. પ્રભુનું માતાની કુક્ષિમાં ચ્યવન થતાં જ સાતે નરક કે જ્યાં સદા ભયંકર દુઃખ-પીડા, ત્રાસનો સતત નારકીના જીવો અનુભવ કરે છે તેઓને ક્ષણ માટે શાંતિ-સુખનો અનુભવ થાય છે, અજવાળું પથરાય છે, તે તીર્થંકર નામ કર્મનો પ્રભાવ છે.

## જન્મ કલ્યાણક

હવે જે ભગવાનના જન્મભૂમિનું તીર્થ આવે ત્યારે આપણે એવી ભાવના ભાવવી જે આજથી ઘણાયે વર્ષો પહેલાં અહીં સાક્ષાત્ આ ભગવાનનો જન્મ થયો અને તે વખતે ચોસઠ ઇંદ્રો તથા છપ્પન દિક્ કુમારી આવીને મેરુ શિખર ઉપર લઈ ગયા અને ત્યાં સૌધર્મેન્દ્રે ભગવાનને પોતાના ખોળામાં રાખી ભગવાનની ઉપર જળ અભિષેક કરાવ્યો અને પોતે પણ ખૂબ જ ઉલ્લાસથી વૃષભનું રૂપ કરીને પોતાના શૃંગથી ભગવાનનો જળ અભિષેક કરી પોતાના ઘણાં કર્મોનો નાશ કરી અને પછી ભગવાનને પૂજી, અર્ચીને માતા પાસે આવીને નમ્ર વિનંતી કરે છે કે આપના પુત્રને કોઈ હેરાન કરશે તો તેમનું મસ્તક હું ઉડાવી દઈશ. આમ ભક્તિપૂર્વક ભગવાનને નમસ્કાર કરીને નંદીશ્વર દ્વીપ જાય છે અને જે ગામમાં ભગવાનનો જન્મ થયો હોય તે જગ્યાએ માતા-પિતાએ અઠ્ઠાઈ મહોત્સવ કરીને ભગવાનનું જન્મ કલ્યાણક ઊજવ્યું. ગરીબોને અનુકંપાદાન આપીને, ઢોરોને કતલખાનેથી છોડાવીને, કેદીઓને જેલમાંથી છોડાવી, સાધર્મિકોની ભક્તિ કરીને ઊજવ્યું. આમ ખૂબ જ ઉલ્લાસપૂર્વક ભાવના ભાવવી.

આમાં આપણે જ સૌધર્મેન્દ્ર છીએ અને આ રીતે ભગવાનનો જન્માભિષેક કરીએ છીએ અથવા તો આપણે ભગવાનનાં માતા-પિતા છીએ અને આપણે આ રીતે રાજ્યમાં જન્માભિષેક ઊજવીએ. એમ આપણને ગાંડી ઘેલી જેવી ભાવના મનમાં આવે તેવી ભાવના ભાવવી. આમ આવા પ્રકારની ભાવના ભાવવાથી આપણને સાક્ષાત્ તે ભૂમિ ઉપર તે જ ભગવાનનો જન્મ

દેખાશે અને આપણાં અનંતા કર્મોનો ભુક્કો થઈ જશે.

## દીક્ષા કલ્યાણક

એ રીતે જે ભગવાનની દીક્ષા કલ્યાણકની ભૂમિ હોય તો તે ભૂમિમાં તે ભગવાનને મોટી મોટી રાજ્ય સંપત્તિ પરિવાર મળ્યા છતાં પણ તેમાં જરાયે રાગદ્વેષથી લેપાયા નહીં, અનાસક્ત યોગી જેવા રહ્યા અને જ્યારે લોકાંતિક દેવો એક પોતાના આચારને અનુસરી ભગવાનને તીર્થ પ્રવર્તાવવાનો સમય થઈ ગયો છે એમ કહે અને તે પછી ભગવાન સંવત્સરી દાન આપે ત્યારે દેવો તેમને જ્યાં જ્યાં ગુપ્ત ધન હોય અને તેના કોઈ માલિક ન હોય તેવું ધન રોજ લઈ આવે અને તે ધન દેતાં ભગવાન દરિદ્રોનું દુઃખ ટાળે અને પછી દેવોએ બનાવેલી શિબિકામાં બેસી વર્ષીદાન આપી સર્વે અલંકારોને ત્યજી, ઇંદ્ર મહારાજનું આપેલું દેવદુષ્ય ધારણ કરી ભગવાન સ્વયં 'કરેમિ સામાઈયં ઉચ્ચરે' કહી લોચ કરે અને તે વખતે ભગવાનને મનઃપર્યવ જ્ઞાન પ્રાપ્ત થાય છે. પછી જ્યાં સુધી કેવળજ્ઞાન પ્રાપ્ત ન થાય ત્યાં સુધી મૌન અને ધ્યાનપૂર્વક કઠોર તપસ્યા કરે છે અને તે વખતે થયેલા ઘોર પરિષહને પણ ભગવાન સમતાપૂર્વક સહન કરે છે. પણ ધ્યાનમાંથી ચલાયમાન થતાં નથી. આવું ચિત્ર ભાવના દ્વારા આપણી સમક્ષ કરીને આપણા ઘણા કર્મની નિર્જરા કરવી.

## કેવળજ્ઞાન કલ્યાણક

એવી રીતે જે ભૂમિમાં ભગવાનને ઘોર પરિષહો અને તપશ્ચર્યા કર્યા બાદ શુક્લધ્યાને ચઢતાં કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે. ત્યારે દેવતાઓ આવીને ભગવાનનાં અતિશયનાં કારણે તીવ્ર ભક્તિથી મનોહર અને

સુંદર આકર્ષક સમોવસરણ બનાવે છે. આ સમવસરણ ગોળાકાર અથવા ચોરસ પણ હોય છે અને તે ત્રણ વિભાગરૂપ હોય છે તેને કુલ વીસ હજાર પગથિયા હોય છે. સમવસરણનો પહેલો ગઢ ચાંદીનો હોય છે અને તેના કાંગરાં સોનાના હોય છે. બીજો ગઢ સોનાનો હોય છે અને તેના કાંગરાં રત્નનાં હોય છે. ત્રીજો ગઢ રત્નોનો હોય છે અને તેના કાંગરાં માણિક્યનાં હોય છે.

પહેલા ગઢમાં વાહનો હોય છે, બીજામાં પશુઓ હોય છે ત્રીજામાં દેવ-દાનવો અને માનવો હોય છે. પ્રભુની વાણીનો અતિશય જ એવો હોય છે કે સહુને સંભળાય અને પોતપોતાની ભાષામાં પરિણમી કાને અથડાય. આથી પશુઓ પણ પરમાત્માની વાણીને સમજી શકે છે. હજારો પગથિયા ચઢતા કોઈને થાક જ ન લાગે તે પણ તારક પ્રભુના અતિશયનો જ મહિમા છે.

સમવસરણની ઠેઠ ઉપરના પગથિયે પૂર્વ દિશામાં શ્રી ભગવાન સદેહે બિરાજમાન હોય છે અને ભગવાનના અતિશયના કારણે દેવતાઓ તેમના જેવાં જ બિંબ ત્રણે દિશાઓમાં કરે છે તેથી સૌને એમ જ લાગે કે અમારી સન્મુખ જ પ્રભુજી બેઠા છે. સમોવસરણમાં આઠે પ્રાતિહાર્યોનું દર્શન અદ્‌ભુત હોય છે. (૧) પ્રભુની પાછળના ભાગમાં અશોક વૃક્ષ હોય છે, જેની ઘટા સમસ્ત સમવસરણ ઉપર છવાઈ જાય છે. આથી સઘળા શ્રોતાવર્ગ એની નીચે જ બેસે છે. (૨) દેવો સુગંધિત પુષ્પવૃષ્ટિ ચારે બાજુ કરે છે. (૩) અત્યંત આહ્લાદક દિવ્ય ધ્વનિ વાગે છે. (૪) દેવતાઓ બે બાજુથી પ્રભુને ચામર વીંઝે છે. (૫) પરમાત્મા રત્નમય

સિંહાસન ઉપર બિરાજે છે. (૬) ચતુર્મુખ પ્રભુની ચારેય બાજુ તેમનાં મસ્તકની પાછળ ભામંડળ હોય છે અને તેમાં ભગવાનનું તેજ સંક્રમ થવાથી આપણે ભગવાનની સન્મુખ જોઈ શકીએ છીએ. (૭) આકાશમાં દેવો દુંદુભિનો નાદ કરી ભવી જીવોને ભગવાનની વાણી સાંભળવા બોલાવી રહ્યા છે. (૮) તારક દેવાધિદેવના મસ્તક ઉપર ત્રણ છત્રો હોય છે. આમ અષ્ટ પ્રાતિહાર્ય જોયા પછી કોણે ક્યાં બેસવાનું તે જોઈએ. સમવસરણના ત્રીજા ભાગમાં દેવો, માનવો વગેરે બાર પ્રકારની પર્ષદા બેઠી છે. દેવની પર્ષદામાં દેવો હોય, દેવીની પર્ષદામાં દેવીઓ, શ્રાવકની પર્ષદામાં શ્રાવકો અને સાધુની પર્ષદામાં સાધુઓ હોય. કેવલીની પર્ષદામાં કેવલી હોય છે. થોડીક પળો વીતી ત્યાં સૌધર્મેન્દ્ર ઊભા થયા. દેવાધિદેવની નજીક આવ્યા, તેમણે બે હાથ જોડીને માથું નમાવીને પરમાત્માને વિનંતી કરી.

હે અશરણશરણ! ત્રિલોકગુરુતારક દેવાધિદેવ! મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ, કષાય અને અશુભ યોગોને આધીન થઈને જગતનાં અનેક આત્માઓ સંસાર સાગરમાં ડૂબી રહ્યાં છે. કારમા પાપો કરીને તીવ્ર દુઃખોમાં અને દુર્ગતિઓમાં ઝીંકાઈ રહ્યાં છે. હે ભગવાન! આપ એ જીવો ઉપર મહા કરુણા વરસાવો. મારી આપને નમ્ર વિનંતી છે કે જીવોનાં હિત અને અહિતને કહો.

ઇંદ્રની આ વિનંતી સાંભળીને ત્રિલોક ગુરુએ દેશનાનો આરંભ કર્યો. અહા! ગંગોત્રીના ખળખળ વહી જતાં પાણી કરતાય ગંભીર સ્વરે કેવી મધુર દેશના પ્રભુ આપી રહ્યા છે. જીવ માત્રના સકળ

કર્મના પોતે જ્ઞાતા અને દ્રષ્ટા હોવા છતાં એમના પ્રત્યે લગીરે તિરસ્કાર ભાવ વ્યક્ત કર્યા વિના અને ભરપૂર વાત્સલ્યભાવ સાથે પ્રભુનો પ્રત્યેક શબ્દ નીકળે છે.

આમ આખું સમવસરણ અને તેમાં ભગવાન દેશના આપે. આવું ચિત્ર આપણા મનમાં વિચાર કરવાથી જાણે સાક્ષાત્ ભગવાન દેશના આપતાં હોય અને હું પણ તે સાંભળતો હોઉં આવી ઉત્કૃષ્ટ ભાવનાં ભાવવાથી આપણા ઘણાં કર્મોની નિર્જરા થાય છે.

## નિર્વાણ કલ્યાણક

તેવી જ રીતે મોક્ષ કલ્યાણકની ભાવના ભાવવી. તેમાં જ્યારે ભગવાન નિર્વાણ પામ્યા. ત્યારે તેમને શું શું થયું (કર્યું) તે વિચારવું, તેઓએ સર્વ કર્મનો નિર્મૂળ નાશ કરી, અશરીરી, અરૂપી, શુદ્ધ, બુદ્ધ, મુક્ત, એવી સિદ્ધ અવસ્થા પ્રાપ્ત કરીને ત્યાં અનંત અવ્યાબાધ સુખ, અનંત જ્ઞાનમાં રહે છે. વળી તે અવસ્થા નિષ્કલંક, નિરાકાર, નિર્વિકાર, નિરાબાધ સ્થિતિ, વળી ત્યાં જન્મ, જરા, મરણ, શોક કે દારિદ્રય વગેરે પીડા થવાની જ નથી. આમ ભગવાન મોક્ષમાં ગયા. અને અહીં ભગવાનના દેહને સૌધર્મેન્દ્ર વગેરે ઇંદ્રો આવી ભગવાનનાં દેહના અગ્નિસંસ્કાર કરે છે અને ભગવાનની દાઢો દેવલોકમાં લઈ જાય છે. તેનો પ્રભાવ કેવો છે? કે જ્યારે દેવો અરસપરસ લડતાં કોઈ પણ રીતે થાકે નહીં ત્યારે આ દાઢોનું પ્રક્ષાલન કરી તેનું પાણી છાંટવાથી દેવો શાંત થઈ જાય છે. આમ ભગવાનના નિર્વાણ કલ્યાણકની ભૂમિ હોય ત્યાં ભાવના ભાવવી. સર્વેએ યથાશક્તિ આ ભાવના ભાવવી અને ભગવાનની આજ્ઞાનું પાલન શક્ય હોય તેટલું યાત્રાના ધામમાં કરવું.

# ચોવીશ તીર્થંકરોના કલ્યાણકોનો કોઠો

| | તીર્થંકરોના નામ | ચ્યવન કલ્યાણક | જન્મ કલ્યાણક | દીક્ષા કલ્યાણક | કેવળજ્ઞાન કલ્યાણક | નિર્વાણ કલ્યાણક |
|---|---|---|---|---|---|---|
| ૧ | ઋષભદેવ | અયોધ્યા | અયોધ્યા | અયોધ્યા | ઇલાહાબાદ | *અષ્ટાપદ |
| ૨ | અજિતનાથ | અયોધ્યા | અયોધ્યા | અયોધ્યા | અયોધ્યા | સમ્મેતશિખર |
| ૩ | સંભવનાથ | શ્રાવસ્તી | શ્રાવસ્તી | શ્રાવસ્તી | શ્રાવસ્તી | સમ્મેતશિખર |
| ૪ | અભિનંદન | અયોધ્યા | અયોધ્યા | અયોધ્યા | અયોધ્યા | સમ્મેતશિખર |
| ૫ | સુમતિનાથ | અયોધ્યા | અયોધ્યા | અયોધ્યા | અયોધ્યા | સમ્મેતશિખર |
| ૬ | પદ્મપ્રભ | કૌશાંબી | કૌશાંબી | કૌશાંબી | કૌશાંબી | સમ્મેતશિખર |
| ૭ | સુપાર્શ્વનાથ | +ભદૈની | +ભદૈની | +ભદૈની | +ભદૈની | સમ્મેતશિખર |
| ૮ | ચંદ્રપ્રભ | ચંદ્રપુરી | ચંદ્રપુરી | ચંદ્રપુરી | ચંદ્રપુરી | સમ્મેતશિખર |
| ૯ | સુવિધિનાથ | કાકંદી | કાકંદી | કાકંદી | કાકંદી | સમ્મેતશિખર |
| ૧૦ | શીતળનાથ | ભદ્દિલપુર | ભદ્દિલપુર | કુલુહાપહાડ | કુલુહાપહાડ | સમ્મેતશિખર |
| ૧૧ | શ્રેયાંસનાથ | સિંહપુરી | સિંહપુરી | સિંહપુરી | સિંહપુરી | સમ્મેતશિખર |
| ૧૨ | વાસુપૂજ્ય | ચંપાપુરી | ચંપાપુરી | ચંપાપુરી | ચંપાપુરી | ચંપાપુરી |
| ૧૩ | વિમલનાથ | કંપિલજી | કંપિલજી | કંપિલજી | કંપિલજી | સમ્મેતશિખર |
| ૧૪ | અનંતનાથ | અયોધ્યા | અયોધ્યા | અયોધ્યા | અયોધ્યા | સમ્મેતશિખર |
| ૧૫ | ધર્મનાથ | રત્નપુરી | રત્નપુરી | રત્નપુરી | રત્નપુરી | સમ્મેતશિખર |
| ૧૬ | શાંતિનાથ | હસ્તિનાપુર | હસ્તિનાપુર | હસ્તિનાપુર | હસ્તિનાપુર | સમ્મેતશિખર |
| ૧૭ | કુંથુનાથ | હસ્તિનાપુર | હસ્તિનાપુર | હસ્તિનાપુર | હસ્તિનાપુર | સમ્મેતશિખર |
| ૧૮ | અરનાથ | હસ્તિનાપુર | હસ્તિનાપુર | હસ્તિનાપુર | હસ્તિનાપુર | સમ્મેતશિખર |
| ૧૯ | મલ્લિનાથ | *મિથિલા | *મિથિલા | *મિથિલા | *મિથિલા | સમ્મેતશિખર |
| ૨૦ | મુનિસુવ્રત | રાજગૃહી | રાજગૃહી | રાજગૃહી | રાજગૃહી | સમ્મેતશિખર |
| ૨૧ | નમિનાથ | *મિથિલા | *મિથિલા | *મિથિલા | *મિથિલા | સમ્મેતશિખર |
| ૨૨ | નેમિનાથ | શૌરીપુર | શૌરીપુર | ગિરનાર | ગિરનાર | ગિરનાર |
| ૨૩ | પાર્શ્વનાથ | ×ભેલુપુર | ×ભેલુપુર | ×ભેલુપુર | ×ભેલુપુર | સમ્મેતશિખર |
| ૨૪ | મહાવીર | ક્ષત્રિયકુંડ | ક્ષત્રિયકુંડ | ક્ષત્રિયકુંડ | ઋજુવાલિકા | પાવાપુરી |

* આવી નિશાનીવાળા કલ્યાણકોના સ્થાનો વિચ્છેદ ગયેલા છે.

+ભદૈની વારાણસીનગરમાં આવેલું છે. ×ભેલુપૂર વારાણસીનગરમાં આવેલું છે.